# આઠ સવાલના જવાબ

મુળ લેખક :
અલ્લામા નસીરૂદ્દીન નસીર
હુન્ઝાઇ

પ્રકાશક :
ખાનએ હિકમત
કરાચી.

# આઠ
# સવાલોના જવાબ


મુળ લેખક :

અલ્લામા નસીરૂદ્દીન નસીર હુન્ઝાઇ

ગુજરાતી અનુવાદ :

સફ્દર જાની



પ્રકાશન કેન્દ્ર :

ખાનાએ હિકમતે ઇસ્માલીયા

કરાચી.



ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# આમુખ

**બિસ્મિલ્લાહહિર્રહમા નિર્રહીમ, અલ હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન વલ આકિબતલિલ મુતકીન વ વસ્સલાત સ્સલામ અલા રસુલિહિ વ અલા આલિહી -તાહિરીન.**

વિશ્વજનો સમક્ષ આ બાબત ઉજળા દિવસની પેઠે સ્પષ્ટ છે કે સંબંધિત વિદ્યાઓનાં બધા જ વિષયો દીનના પરિચય તથા ઇમામ (અ.સ.)ની ઓળખાણમાં શમાયેલા છે. તેથી દીન અને ઇમામની શનાખત ઇસ્માઇલીયતમાં અત્યંત જરૂરી બાબત છે, જેના વગર કોઇ ઇસ્મા-ઇલીને સાચું સુખ કે સાચી શાંતિ નસીબ નથી થઇ શકતી.

ISW
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ઇલ્મ અને મારિફતથી જ કોયડાઓના ઉકેલ મળી જાય છે શંકાકુશંકાઓનું નિવારણ થઇ જાય છે ઇમાનની રોશનીમાં વધારો થઇ જાય છે અને જીવ તથા હૃદયને પરિતૃપ્તિ મળી જાય છે એનાથી મોમિનમાં સાચો મોભો અને બુલંદ હિમ્મત જેવા સદ્ગુણો પેદા થઇ જાય છે; સારાંશ કે ઇલ્મ અને મારિફતમાં બધું જ છે.

સવાલ ક્યારે પેદા થાય છે? જ્યારે પરિચય ન હોય. અર્થાત કે જ્યારે મઝહબની મારિફત ન હોય, જ્યારે ઇલ્મ ન હોય અને જ્યારે સાહિત્ય ન મળે સવાલ ત્યારે ઉઠે છે જ્યારે દીની ઇલ્મ તરફ ધ્યાન આપવામાં નથી આવતું.

ખેર! બહર હાલ અગર કોઇ સવાલ પેદા થાય છે તો તેને માટે જવાબ પણ પ્રાપ્ત કરી શકાય છે. એવું નથી કે સવાલ થાય અને તેનો જવાબ ન હોય.

પરંતુ જે કંઇ પણ હોય તે હક અને સચ્ચાઇ પર આધારિત હોવું જોઇએ નહિતર તેનો કંઇ ફાયદો નથી.

તો, આ પુસ્તિકામાં આઠ એવા સવાલોના જવાબ આપવામાં આવ્યા છે જે અમારા સ્ટુડન્ટોમાંના એકે પુછેલા હતા. જ્યાં એ કામને માટે અમારા પર વિશ્વાસ મુકવામાં આવ્યો તો ત્યાં અમારી ફરજ થઇ પડે છે કે અપેક્ષિત ખિદમત પરિપુર્ણ કરવા માટે પ્રયત્નશીલ રહીએ અને અલ્લાહ તઆલાથી તૌફીક તથા સહાયની યાચના કરીએ.

મારી માન્યતા અનુસાર ઇસ્માઇલયતની સચ્ચાઇમાં કોઇ પણ સવાલનો જવાબ આપવાનું મુશ્કેલ નથી. બહુ જ સહેલું છે, અર્થાત અગર લાખો સવાલો હોય તો પણ કંઇ મુશ્કેલ નથી. કેમકે અમે એ પુરવાર કરીને બતાવી શકીએ છીએ કે ઇસ્માઇલી મઝહબને લગતા જેટલા પણ સવાલો ઊભા થાય છે એ બધા, સાથે મળીને એક વિશાળ વૃક્ષનું સ્વરૂપ ધારણ કરી લ્યે છે. તેથી આપણે વૃક્ષના થડ વિષે વાદ વિવાદ કરીને બધી વાતો સમજાવી શકીએ છીએ અને મોટી મોટી ડાળીઓ અંગે વાતચીત કરીને બધા સવાલોના જવાબ બતાવી શકીએ છીએ કે ઇસ્માઇલી મઝહબ અને ઇમામે ઝમાન હક—સત્ય છે યાને સમજવાવાળાઓને માટે ફક્ત એ જ બુન્યાદી સવાલ પુરતો છે કે જે પુછવો જોઇએ કે ઇમામ હક—સાચા હોવાની સાબિતી શું છે? કેમકે સંબધિત બધા જ સવાલો એ જ મોટા સવાલ હેઠળ આવી જાય છે, પરંતુ સામાન્ય માણસો એ વાત કયાં ધ્યાનમાં રાખે છે? તેઓ તો જે મનમાં આવે તે મરજી મુજબ પુછતા રહે છે.

નિશંક ઇસ્માઇલીઓએ હમેશા પોતાના સાચા ઇમામે બરહક (અલયહિસ્સલાતો વસ્સલામ) તરફ જોવું જોઇએ કે ઇમામની ઇચ્છા શું છે અથવા તો તેમની સ્પષ્ટ હિદાયત શી છે? અને એ જ સિધ્ધાંતને જાળવી રાખીને દીની ઇલ્મનું પ્રસારણ કરી શકાય છે.

જાણવું જોઇએ કે સવાલના જવાબ, કાં તો આડકતરી રીતે દેવામાં આવે છે ને કાં તો સીધી રીતે—ગમે તેમ પણ જવાબ આપવો જરૂરી હોય છે, નહિતર જમાતના અમુક વર્તુળોમાં ગેરસમજ ફેલાઇ જાય છે અને ખાસ કરીને નવી પેઢીના ઇમાન પર તેની માઠી અસર ઉપસી આવે છે. અગર અલ્લાહતઆલાની મદદ અને તોફીક ચાલુ રહે તો ભાવિમાં પણ અમારા આ પ્રયાસો ચાલુ રહેશે અને કોઇને કોઇ રીતે શંકા દુર કરવાની કોશીશ કરવામાં આવશે.

ફકત જમાતનો ઇલ્મી ખાદિમ
**નસીરૂદ્દીન "નસીર" હુંઝાઇ.**

# આઠ સવાલ

## છોકરીઓ દુવા પઢાવે ?

**સવાલ નં. ૧ :** જમાતખાનામાં કોઇ કોઇ કોઇ વખત છોકરીઓ શા માટે દુઆ પઢાવે છે, જ્યારે કે શરીઅતમાં કોઇ એવી જોગવાઇ નથી હોતી ?

સાવાલ નં. ૨ : જુદી જુદી મજલિસોના નામે અને જુદા જુદા પ્રસંગે જમાતખાનામાં જમાત પાસેથી શા માટે પૈસા લેવામાં આવે છે ? કેમકે એ તો ખુદાનું ઘર છે, જ્યાં ફકત ઇબાદત જ થવી જોઇએ.

સવાવ નં. ૩ : જમાતખાનામાં જ્યારે કોઇ બીજા મુસ્લિમ ભાઇ આવવા ઇચ્છે તો તેને શા માટે ન આવવા દેવામાં આવે ?

સાવાલ નં. ૪ : તમારા શાહ કરીમ કેવી રીતે ઇમામે બરહક સાબિત થઇ

શકે છે જ્યારે કે તેઓ યુરોપમા પશ્ચિમી ઢબની જીંદગી ગુજારે છે ?

સવાલ નં. ૫ : તમારી ઝકાત શરઇ ઝકાતથી કેમ જુદા પ્રકારની છે અને તે સીધે સીધી ગરીબો તથા મિસ્કીનોમાં વહેંચી આપવામાં નથી આવતી ?

સવાલ નં. ૬ : તમારા મઝહબી રીત રિવાજો કેટલી હદે યોગ્ય છે : ખાસ કરીને નાંદીના બારામાં જણાવશો.

સવાલ નં. ૭ : ઇસ્માઇલી જમાતમાં સલાત પર કેટલી હદે અમલ કરવામાં આવે છે ? અને તેઓ સલાતનો શો અર્થ લ્યે છે ?

સવાલ ન. ૮ : પુછવામાં આવ્યું છે કે જમાતખાનામાં પુરૂષો અને સ્ત્રીઓ સાથે મળીને કેમ ઇબાદત કરે છે ?

નોટ : આ સવાલો ડિસેમ્બર ૧૯૭૬માં એક ઇસ્માઇલી સ્ટુડન્ટે રજુ કરેલા હતા.

અલ્લામા નસીરૂદ્દીન "નસીર" હુન્ઝાઇ
તા. ૨૪ ડિસેમ્બર ૧૯૭૬

સવાલ નં. ૧ : જમાતખાનામાં કોઇ કોઇ વખત છોકરીઓ શા માટે દુઆ પઢાવે છે, જ્યારે કે શરીઅતમાં કોઇ એવી જોગવાઇ નથી હોતી ?

જવાબ (અ.) ઇસ્લામ સિરાતે મુસ્તકીમ છે યાને સીધો રસ્તો, જે અલ્લાહતઆલા તરફ જવાને માટે નિશ્ચિત થયેલ છે; જ્યારે દીને હકને એક માર્ગની ઉપમા આપવામાં આવી છે, તો તેની અમુક મંઝિલો પણ છે અને તેને શરીઅત, તરીકત, હકીકત અને મારેફત કહેવામાં આવે છે. તો જમાતખાનું અને તેની રીત રસ્મો, એ જ ઇસ્લામના માર્ગ પર ચાલતાં

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

આગળ વધવા તથા પ્રગતિ કરવાનાં જીવંત દ્રષ્ટાંતો છે; જેવી રીતે કે તસવ્વુફ ઇસ્લામના તત્વનો એક નિર્વિવાદ પુરાવો છે અને ચોકખી વાત છે કે સૂફીઓના પંથમાં હજારો એવી વસ્તુઓ છે જે શરીઅતમાં નથી અને એ ચીજો શરીઅતમાં હોય પણ કયાંથી ? જયારે કે તે તરીકતની ચીજો છે એ જ પ્રમાણે જમાતખાનાની બાબતો અર્થાત ત્યાંની રાહ-રસમો હકીકતની છે તેથી તેને કોઇ બીજા ધોરણથી પરખવાની કોશીશ કરવી એ સદંતર ભુલ અને અજ્ઞાનતાની સાબિતી છે. **જવાબ (બ.)** : બીજું એ કે અગર શરીઅતની રૂએ સ્ત્રી, શરઇ નમાઝ મર્દોને નથી પઢાવી શકાતી તો તેનું કારણ જાહેરમાં કંઇ નથી સિવાય કે તેની તાવીલ હોઇ શકે છે-જયારે તેનાથી ઉલ્ટું જમાતખાનામાં જે ઇબાદત બંદગી અદા કરવામાં આવે છે તેની કોઇ તાવીલ નથી કેમકે એ પોતે જ તાવીલ (તત્વાર્થ) છે તેથી અહિં સ્ત્રી દુવા પઢાવી શકે છે.

૬ અગર પુછવામાં આવે છે કે ઓરતની ઇમામત શરઇ નમાઝમાં જાઇઝ ન હોવાની શી તાવીલ છે ? તો તેનો જવાબ એ છે કે દીનમાં હઝરત પયગમ્બર સલ્અમ મર્દના દરજ્જામાં છે અને ઉમ્મતના અંગો સાથ્યો ઓરતને સ્થાને છે, એ જ પ્રમાણે ઇમામે આલી મકામ (અ.સ.) મર્દ છે અને મુરીદો તમામે તમામ ઓરત છે, એ જ પ્રમાણે શિક્ષક મર્દ અને શિષ્ય ઓરત સમાન છે. અગર કોઇ ઓરત નમાઝે શરીઅતમાં નેતાગીરી કરે તો તેની તાવીલ એ થઇ કે જાણે (નઉઝુબિલ્લાહ) રસુલ (અ.સ.વ.) પોતે ઉમ્મત બનીને પાછળ આવે અને ઉમ્મત પયગમ્બર બનીને આગળ આવી જાય ? ઇમામ (અ.સ.) મુરીદી અખ્તયાર કરી લ્યે અને મુરીદ ઇમામ બની જાય ! ! વળી શિક્ષક શિષ્ય બની રહે અને શિષ્ય પોતાના શિક્ષકને ભણાવવા માંડે ! ! તો આ તાવીલ અશકય બાબતનું પ્રદર્શન કરે કરે છે; એ જ કારણે નમાઝે શરઇ (શરીઅતી નમાઝ)માં પુરૂષોની નમાઝની ઇમામત સ્ત્રી નથી કરી શકતી. પરંતુ હકીકતના દરજ્જા પર એવી કોઇ તાવીલ નથી.

જવાબ (૬) ઇસ્લામ, મુળ તો નામ છે કુર્આન અને કુર્આનના શિક્ષકની તાલીમ તથા હિદાયતનું, અને એ તાલીમ તથા હિદાયતના વિવિધ તબકકાઓ અમલી રીતે પસાર કરવાના અને સિરાતે મુસ્તકીમ પર ચાલવાનું તેમ જ ક્રમે ક્રમે આગળ વધવાનું છે. વળી એ જ અર્થમાં આપણે એમ કહી શકીએ છીએ કે ઇસ્લામ પોતાના ઇલ્મ અને અમલના મરતબાઓની રૂએ એક એવી યુનિવર્સિટી સમાન છે કે જેમાં તાલીમના ઘણા બધા વર્ગો આવી જાય છે. હવે એ દ્રષ્ટાંત ઉપરથી સમજી શકાય છે કે દીને ઇસ્લામના એ બધા જ ઇલ્મી તથા અમલી દરજ્જાઓને માટે અલગ અલગ ધોરણ નક્કી થયેલ હોય છે; તેથી જ અમે કહીએ છીએ કે ઇસ્માઇલીયતના રીત રસમોને ગૈર ઇસ્માઇલીયતની કસોટી પર રાખવું જરાય યોગ્ય નથી હોઇ શકતું.

જવાબ (૬) અગર ઇસ્લામ સિરાતે મુસ્તકીમ છે, તો એ માનવું જ પડશે કે મુસ્લિમ ફિરકા અથવા જમાતો ક્રમશ એવી રીતે છે કે જાણે કોઇ માર્ગની વિવિધ મંઝીલો પર ફેલાયેલા પ્રવાસીઓ. અગર દીને હક અલ્લાહુતઆલાની રસ્સી છે અને તે ખુદા તથા તેના બંદાઓની વચ્ચે રહેલી છે તો એમાં પણ તેઓને દરજાવાર તથા સિલસિલાવાર પકડવાની જોગવાઇ પણ છે. જ્યાં ખુદાની મારિફતની ઊંચાઇ તરફ ઉન્નતિ કરી જવાની મિસાલ પગથિયાંથી આપવામાં આવી છે, ૭૦-૪-૩ ત્યાં વિવિધ મઝહબવાળા વિવિધ પગથિયાં પર છે. જે દ્રષ્ટિએ દીને મુબીન એક મહાન યુનિવર્સિસિટિ સમાન છે એ દ્રષ્ટિએ તેના માનવાવાળા ઇલ્મ તથા અમલના વિવિધ દરજ્જાઓ પર છે અને જે કારણે દીને ફિતરત (કુદરતી ધર્મ)ની ઉપમાં ઇન્સાની ઉત્પતિ તથા જીંદગીના જુદા જુદા લક્ષ્યસ્થાનોથી આપવામાં આવી છે, એ જ કારણે માણસો પણ એવા દરજ્જાવાર છે જેવી રીત કે ઇન્સાની ઉત્પતિ તથા ઉમરના જુદાં જુદાં ધોરણે હોય છે, અર્થાત કોઇ માણસો એવા બાળક જેવા છે જે માના પેટમાં હોય છે, કોઇ વળી

નવજન્મિત બાળક જેવા, કોઇ દુધ પણ (ધાવણ) બાળક જેવા, કોઇ વળી નિશાળિયા બાળક જેવા, કોઇ વળી તરૂણ જેવા, કોઇ તો ત્રીસ વર્ષના જુવાન જમાન જેવા કોઇ ચાલીસ વર્ષના માણસ જેવા અને કોઇ વળી પ્રૌઢ પુરૂષ જેવા અને આ બધાં દ્રષ્ટાંતો એટલા માટે છે કે ઇસ્લામ, દીને ફિતરત (કુદરતી ધર્મ) છે અને તેને (તેના અનુયાયીને) એક ઇન્સાનની માફક ધીમે ધીમે પરિપૂર્ણતા પર પહોંચવાનું છે આ બધી વાતોનો સાર એ નીકળ્યો કે ઇસ્લામનું શિક્ષણ દરજ્જાવાર છે અને તેની હિદાયતો પણ અનુક્રમના સ્વરૂપે હોય છે; તો પછી કોઇને કોઇ ઉપર વાંધો ઉપાડવો એ ઇસ્લામી શિક્ષણના દરજ્જાઓથી અજ્ઞાન હોવાને કારણે છે.

**સવાલ નં. ૨ :** જુદી જુદી મજલિસોનાં મથાળાં હેઠળ અને જુદા જુદા પ્રસંગે જમાતખાનામાં જમાત પાસેથી પૈસા શા માટે લેવામાં આવે છે, કેમકે એ તો ખુદાનું ઘર છે જ્યાં ફકત ઇબાદત જ થવી જોઇએ.

જવાબ **(અ) :–** જમાતખાનું હોય કે મસ્જિદ, તેમાં દુન્યવી પ્રકારની વેપારી લેવડદેવડ જાઇઝ નથી, પરંતુ ઝકાત, સદકો તથા દરેક જાતની નાંણાંકિય કુરબાની ઉપરાંત બીજાં પણ કેટલાંય નેકીનાં કામો એવાં છે જે ખુદાના ઘરમાં જ કરવામાં વધુ સવાબ છે; જેમ કે અલ્લાહ-તઆલાનું ફરમાન છે કે;

**'વ ઇઝ જઅલ્નલ્બયત મસાબિતિ લિન્નાસે વ અમના'** (૨/૧૨૫)

અર્થાત : (હે રસુલ, એ વખત પણ યાદ કરો કે) જ્યારે અમે ખાનાએ કાબાને લોકોના સવાબ તથા આશ્રયનું સ્થાન ઠરાવ્યું.

આ ઉપરથી સ્પષ્ટ જાહેર થાય છે કે ખુદાનું ઘર મસ્જીદ છે અર્થાત દરેક જાતનાં સવાબનું સ્થળ. અને ખુદાનું ઘર સૌથી પહેલું તો કાબાએ કાબા છે અને એના પછી મસ્જિદ અને જમાતખાનાં, ખુદાનાં ઘર છે હવે જ્યારે સવાબનું કેન્દ્ર ખુદાનું ઘર જ છે તો ઘણાં બધાં નેકીનાં કામ, ત્યાં શા માટે કરવામાં ન આવે? જ્યારે કે એ કામો ખુદાનાં જ છે તો ખુદાના ઘરમાં જ થવાં જોઇએ જ્યારે કે તે ઇબાદતમાં ગણાય છે, જ્યારે કે એ આર્થિક કુરબાનીઓ નેક કાર્યો છે તો તે ખુદાના જ ઘરમાં બધાની સામે શા માટે ન થાય, કે જેથી નેકી કરવા-વાળાને બધાની દુઆઓ પ્રાપ્ત થાય, સાથો સાથ એ એક અમલી પણ છે કે જેથી જમાતમા સહેજે તેને જોઇને પોતાની અંદર પણ એવી નાંણાકિય કુરબાનીનો જુસ્સો પેદા કરી શકે અને એ જ કારણ છે કે આં હઝરત સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વ સલ્લમના બરકતવંતા સમયમાં ઘણી ખરી નાણાંકિય કુરબાનીઓ મસ્જિદમાં જ સ્વીકારવામાં આવતી હતી.

સવાલ નં. ૩ : જમાતખાનામાં જ્યારે કોઇ બીજા મુસ્લિમ ભાઇ આવવા ઇચ્છે તો તેને શા માટે આવવા દેવા ન જોઇએ?

જવાબ – (અ.) એના જવાબને માટે તમે જુઓ મારો એક નિબંધ જે "ઇસ્લામકી બુન્યાદી હકીકતે"ના શીર્ષક હેઠળ છે અને તે "પંજ મકાલા નં. ૩" નામની કિતાબમાં છપાઇને આવવાનો છે. બીજું એ કે એવા કોઇ ભાઇ આવે, તો શું એ, જમાતખાનાની બધી શરતો તથા ધારા ધોરણને બિલકુલ એવી રીતે સ્વીકારી લેશે જે રીતે કે એક ઇસ્માઇલી સ્વીકારે છે? અને અગર એમ નથી થઇ શકતું તો તેને

જમાતખાને આવવાથી કંઇ ફાયદો નથી – તેથી તેનું ન આવવું વધુ સારૂં છે.

જવાબ (અ) : દીને ઇસ્લામમાં અમુક પવિત્ર મકાનો બધા જ મુસલમાનોને માટે સર્વ સામાન્ય હોય છે અને કેટલાંક મકાનો વિશિષ્ઠ હોય છે એમાં સૌથી પહેલે તો ખાનાએ કાબા છે. પછી આવે મસ્જિદ કેમકે તે એ સમય છે, જેમાં બધા મુસલમાનો એક હતા. એમ છતાં અમુક સ્થળોએ તો મસ્જિદો પણ અલગ અલગ જમાતોને માટે અથવા વિવિધ વિચાર સરણીઓની દ્રષ્ટિએ વિશિષ્ઠ થઇ જાય છે. એ જ રીતે, બલ્કે એનાથી પણ કેટલીયે વધુ સખ્તાઇપુર્વક ખાનકાહો, ઇમામવાડા અને જમાતખાનાં વિશિષ્ઠ હોય છે જેની હુરમત (સન્માન) માત્ર એ લોકો જ જાળવી શકે છે જેઓ સિધ્ધાંતિક તથા અકીદતની દ્રષ્ટિએ તેની સાથે સંકળાયેલા હોય છે અને બીજા કોઇનો એમાં કંઇ ભાગ લાગ હોતો નથી.

જવાબ (ક) : મસ્જિદનો અર્થ છે સજદાની જગ્યા; ઇબાદત ગાહ તેથી એ શબ્દ તો જાણે બધા જ મુસલમાનોને, નિમંત્રણ આપે છે કે, ત્યાં જાય આવે અને અલ્લાહતઆલાને માટે મસ્તક ઝુકાવે અને ઇબાદત કરે; પરંતુ જમાતખાનામાં ઇબાદતનો ભાવાર્થ પ્રગટ નથી બલ્કે ગુપ્ત રાખવામાં આવ્યો છે કેમકે એ જમાતખાનું ખાનાએ જમાઅત અર્થાત જમાઅતનું ઘર છે, જે બધાને માટે નથી; માત્ર એક જ જમાતને માટે છે. જેવી રીતે કે ખાનકાહના અર્થમાં જે તત્વ સમાયેલું છે કે ખાનકાહ ખાનગાહનું અપભ્રંશ છે અને ખાનગાહનો અર્થ છે સુફીઓ અને દરવેશોનું નિવાસ સ્થાન; જેમાં ઇબાદતનો ભાવાર્થ ગુપ્ત રાખવામાં આવ્યો છે અને અગર એ સમજે તો બહુ સહેલાઇથી એના અર્થને માટે કોઇ

એવું નામ રાખી લેત કે જેનાથી તરત જ ઇબાદત બંદગીનો અર્થ પ્રગટ થઇ જાત પરંતુ જાણી જોઇને એમ કરવામાં નથી આવ્યું, કેમકે ત્યાં તો ઇસ્લામની તાલીમ કોઇ પીરે તરીકતની વિશિષ્ઠ વિચારસરણી તથા સમજુતીને અનુસારે આપવાની હતી અને તેમાં ઇબાદત બંદગી તથા રિયાઝત (દેહદમન) પોતાની રીતે કરવાની હતી. વળી એ ખાનકાહ પણ માત્ર એ જ પીર અથવા શેખના મુરીદોને માટે મુકર્રર હતી; તો એવું જ દ્રષ્ટાંત જમાતખાનાનું પણ છે અને ખાનકાહો પણ શરૂઆતમાં તો જમાતખાના તરીકે ઓળખાતી હતી. જેવી રીતે કે સુફીઓના વૃતાંતોમાં મળી આવે છે કે, "ખ્વાજા બખ્ત્યાર કાકી (રહ.)નું જમાતખાનું" વગેરે એ પછી જમાતખાનાને ઇસ્માઇલીયતમાં અપનાવી લેવામાં આવ્યું. આ ઇતિહાસિક બનાવ એ બાબતની સ્પષ્ટ દલીલ છે કે શરીઅતના બાતિનથી તરીકત પેદા થઇ છે અને તરીકતના બાતિનથી હકીકત અને આ બધી વાતોનો એ સાર નીકળે કે જમાતખાનું માત્ર હાઝર ઇમામ (અલયહિસ્સલામ)ના મુરીદોને માટે જ વિશિષ્ઠ છે.

## ઇમામ (અ.સ.)નું નિવાસ સ્થાન

સવાલ નં ૪ : તમારા શાહ કરીમ, શી રીતે ઇમામે બરહક સાબિત થઇ શકે છે જ્યારે કે તેઓ યુરોપમાં રહે છે ને પશ્ચિમી ઢબનું જીવન ગુજારે છે ?

જવાબ (અ) આજ તમારો મુળભુત સવાલ હોવો જોઇતો હતો કે જેથી એક જ જવાબમાં પુરાવો અથવા પુરાવાની ગેરહાજરી જાહેર થઇ જાય અને આખો વિવાદ જ ખતમ થઇ જાય. કેમકે અગર ઇમામ સાબિત થઇ ગયા તો કોઇને એવો હક નથી રહેતો કે ઇમામને ઇમામ તરીકે માની લીધા પછી પણ તેમની સામે વાંધો ઉઠાવે અને જો ઇમામ તરીકે

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

સાબિત ન થશે. તો પછી તમારે વધુ સવાલો કરવાની તકલીફ જ શા માટે લેવી પડે ? કાં ? કે વિવાદ જ ખતમ થઈ ગયો ! પરંતુ અહિં તો સવાલોનું પુનરાવર્તન થતું રહે છે. ગમે તેમ પણ તમારો સવાલ કંઇક એવી જાતનો છે કે અગર અમે સાબિત કરી દઇએ કે, યુરોપમાં ઇમામનો નિવાસ "જાઇઝ" અને યોગ્ય છે. તો તમે અમારા શાહ કરીમ અલ હુસેનીને ઇમામે બરહક તરીકે માન્ય રાખી લેશો. સવાલનો હેતુ એ જ છે ને ?

જવાબ (બ) : અગર તમારા મત અનુસાર પશ્ચિમી ઢબની જીંદગી ગેરઇસ્લામી છે. જેને કારણે તમે આ પ્રશ્ન ઉઠાવ્યો છે તો તેની સાથો સાથ એ કુર્આની આદેશને પણ જાહેર કરવો હતો. જેની રોશનીમાં તમે એ પુછવાનું યોગ્ય ધાર્યું છે. અને હજુ પણ તમને એ પુછીએ છીએ કે શું કુર્આને હકીમમાં એવી કોઇ આયત છે કે જેમાં આધુનિક જમાનાના ઇસ્લામી સમાજ તથા તેના સ્થળ સ્વરૂપની કોઇ રૂપરેખા બતાવવામાં આવી હોય ? જો એમ નથી તો શું કોઇ કુર્આન ઉપરથી સાબિત કરી શકે છે કે નબુવ્વતના જમાનામાં મુસલમાનો જે મકાનો અથવા તંબુઓમાં રહેતા હતા, જે જાતનો ખોરાક ખાતા હતા, જે જાતનો પોશાક પહેરતા હતા અને જેવા સમાજમાં જીવન ગુજારતા હતા તો આજે પણ બિલ્કુલ એવું જ હોવું જોઇએ ? ચોકખી વાત છે કે એ વાત કુર્આનથી સાબિત થવી તો એક કોર રહી પણ તે કોઇ સામાન્ય સમજ (કોમન સેન્સ)માં પણ ઉતરે એવી નથી.

જવાબ (ક) : તમારા સવાલની પાછળ કોઇ ખાસ તાર્કિક ભૂમિકા નથી, સિવાય કે નબુવ્વતના જમાનાના મુસલમાનોની જે ભૌતિક હાલત હતી, તેના ઉપર જ તમારો "કયાસ" ઠરાવાયેલો છે હાલાં કે એ તો દીને હકનો આરંભ સમય હતો અને પુરા યુગ દરમ્યાન ઇસ્લામની જે

આર્થિક તેમજ સામાજિક તરક્કી થનાર હતી એ માત્ર ૨૩ વર્ષની મુદ્દત દરમ્યાન શી રીતે શક્ય હતી ! અર્થાત કે તમે એમ સમજી રહ્યા છો કે ઝહુરે ઇસ્લામના વખતે અરબસ્તાનની જે આર્થિક હાલત હતી તે જ ઇસ્લામી દુનિયામાં હજી પણ હોવી જોઇએ ! પરંતુ અફસોસ છે કે તમારા આ વિચારોનો વિરોધ સૌ પ્રથમ તો અરબસ્તાનના મુસલમાનો કરી રહ્યા છે; કેમકે આજ તેઓની દુન્યવી હાલત પહેલાંથી ઘણી સારી થઇ ગઇ છે વળી આમેય તમારો વિચાર છે પણ બહુ ખતરનાક; કેમકે તમે એ નથી ઇચ્છતા કે મુસલમાનોની દુન્યવી અને ભૌતિક પ્રગતિ થાય. ત્યાં સુધી કે અત્યારે ઇસ્લામી જગતમાં જે શહેનશાહો, બાદશાહો સત્તાધીશો, નેતાઓ આગેવાનો શ્રીમંતો અને સમૃધ્ધ માણસો છે તેઓ પણ તમારા એ વાંધાના વર્તુળમાં આવ્યા વગર નથી રહેતા; તેમ ન તો તેઓથી કોઇ તરક્કીની આશા રહે છે. એટલા માટે અમે પહેલે તો પવિત્ર કુર્આનને દ્રષ્ટિ સમક્ષ રાખીએ કે એ વિષે શું હુકમ છે ?

સુરહ એઅરાફ (૭) આયત નં. ૩૨માં ઇરશાદ ફરમાવવામાં આવ્યો છે કે;

## "કુલ મન હર્રમા ઝીનતલ્લાહે...."થી....યૌમ

અર્થાત : તમો કહી દો કે કોણે હરામ કરી દીધી છે અલ્લાહની શોભા–સમૃધ્ધિને જે તેણે પેદા કરેલી છે પોતાના બંદાઓને માટે ? અને રિઝકમાંથી પવિત્ર ચીજો ! તો કહી દયો કે આ નેમતો મુળ તો ઇમાન–વાળાઓને માટે છે દુન્યાની જીંદગીમાં ફકત તેઓને વાસ્તે છે દીરે કયામતમાં.

આ કુર્આનની હુકમ ઉપરથી હકીકત તદ્દન સ્પષ્ટ થઇ ગઇ કે તમારો સવાલ તકલાદી છે; કેમકે અલ્લાહતઆલાએ બનાવેલી સુખ સમૃધ્ધિ શોભા અને રોજી રિઝકની પવિત્ર વસ્તુઓ તેના બંદાઓને માટે છે અને કયામતના દૌરમાં એ ચીજો મોમિનોને માટે જ વિશિષ્ઠ હશે. તો હવે આ હકીકત પુરાવાના પાયા સુધી પહોંચી ગઇ કે હઝરત મૌલાના શાહ કરીમ અલ હુસેની (અ.સ.) ઇમામે બરહક છે; કેમકે તેવણ પોતાની જીવનની રહેણી કરણી દ્વારા એ વાતની ખુશ વધાઇ આપી રહયા છે કે ટુંકમાં જ અલ્લાહતઆલાનો વાયદો પોતાના ખાસ બંદાઓને માટે પરિપુર્ણ થવાવાળો છે જેનો ઉલ્લેખ ઉપરોકત આયતમાં કરવામાં આવ્યો છે.

જવાબ (૬) : શાહ કરીમ અલ હુસેની સલવાતુલ્લાહો અલયહિ, ઇમામે બરહક છે અને એ જાજરમાન બાબતની સાબિતી રૂપે અમારી પાસે હજારો એવી દલીલો મૌજુદ છે કે જેનો કોઇ પણ સત્યે પ્રેમી માનવી ઇન્કાર નથી કરી શકતો : તમે ઇસ્માઇલી પુસ્તકોમાં, ઇમામતની તરફેણમાં જે લખાયેલું છે તેનું વાંચન કરો અને અહિં પણ સાંભળી લ્યો, કે ઇસ્લામમાં ખિલાફતની માન્યતા એક નકકર હકીકત છે અને એ અમારૂં ઇમાન છે કે ખુદા તથા રસુલ ( સ. )નો ખલીફા હમેશા દુનિયામાં મૌજુદ હોય છે અને તે આ જમાનામાં નુર મૌલાના શાહ કરી અલ હુસેની સલવાતુલ્લાહો અલયહિ છે. અગર આ હકીકતનો રદિયો શકય હોય તો. કોઇ કહી દયે કે "નહિ, નહિ ! એવો, ખલીફો તો ફલાણા ફલાણા ખાનદાનનો ફલાણો ફલાણો માણસ છે, જે અત્યારે યુરોપમાં નથી રહેતો પણ ફલાણા ફલાણા દેશમાં રહે છે." અથવા તો એમ કહી દયે કે ઇસ્લામમાં ખિલાફત જેવું કંઇ છે જ નહિ ! અથવા તો એમ કહી દયે કે ખિલાફત શરૂ શરૂમાં તો ઘણે હતી તો ખરી, પણ

પાછળથી કુર્આનના આ હુકમ મુજબ ખુદાવંદ તઆલાએ તેને પોતાના હાથમાં લઇ લીધી અથવા તો ખતમ કરી નાખી ! પણ એવો કોઇ રદિયો અશકય છે. તેથી માનવું પડશે કે હઝરત મૌલાના શાહ કરીમ (અ.સ.) હાઝર ઇમામ છે.

**જવાબ** ( ઇ ) : અમે કહીએ છીએ કે મૌલાના શાહ કરીમ અલ હુસેની સાચા ઇમામ એ કારણ છે કે તેવણ અલ્લાહતઆલા તરફથી નુરે હિદાયત છે. અગર આ હકીકતનો ઇન્કાર શકય હોય તો કોઇ કહી દયે કે નહિ, નુરે હિદાયત અને શમ્એ વિલાયત ( વિલાયતની જયોત ) અત્યારે તો ફલાણા હઝરતમાં છે, જેમણે દીને ઇસ્લામની ઇશાઅત તથા ઉન્નતિને માટે ફકીરી અને ભુખ ( અર્થાત દેહ દમન ) ને પોતાનો સ્વભાવ બનાવી રાખ્યો છે જે દુન્યવી તરકકીથી દુર ભાગે છે : જેમનો વંશ સિલસિલો રસુલુલ્લાહ ( સ. અ. વ. )થી જઇને મળે છે. જેમના બાપ-દાદાઓ પોતપોતાના જમાનામાં ખુદાના નુરે હિદાયતના દરજ્જા પર હતા. અમને ખાત્રી છે કે એ અશકય છે. તો સ્પષ્ટ થયું કે શાહ કરીમ (અ.) જ આ જમાનામાં સિલસિલાએ ઇમામતના સાચા ઉત્તરાધિકારી અને ઇમામે બરહક છે અને તેમના સિવાય આ દરજ્જા પર કોઇ નથી.

**જવાબ** ( ૬ ) : દુનિયામાં એવા માણસોની અછત નથી જેઓ દીનના કોઇ મોટા મરતબાનો ખોટો દાવો કરતા હોય છે અને તેઓ એમાં કોઇ કોઇ વાર અમુક સમયને માટે સફળ પણ થઇ જાય છે, પરંતુ એ યાદ રહે કે બાતિલ ( જુઠ ) ઝાઝો સમય ટકી નથી શકતું તેથી એ ચાલ્યું જાય છે : પરંતુ હક હમેશા રહે છે. જુઓ કુર્આન :

**"વકુલ્ જાઅલ હક્કો વ ઝહક્કલ બાતિલુ ઇન્નલ બાતિલ કાના ઝહુકા" (૧૭–૮૧)**

અર્થાત : અને (હે રસુલ) તમે કહી દયો કે હક (સત્ય) આવી ગયું કે અને બાતિલ ચાલ્યું ગયું; ખચિત જ બાતિલ જવાવાળું જ હોય છે."

પ્રસ્તુત આયએ કરીમામાં હિકમતની પરિભાષામાં ફરમાવવામાં આવ્યું કે; રસુલે કરીમ (સ.અ.વ.) ને જ ખિલાફતે અલુહિયા અને ઇમામતે આલિયા પ્રાપ્ત હતી તે હક હતી તેથી તે દુનિયામાં સદાને માટે રહેશે એ જ રીતે અને એ જ અર્થમાં હુઝુર (સ. અ. વ.) ખુદા તરફથી નુરે હિદાયત હતા અને નુરે હક જ (સત્ય) છે અને હક હમેશા (સદાકાળ) કાયમ રહે છે. તો કયાં છે એ હક? અર્થાત નુરે હિદાયત, સિવાય? ઇમામે હક કે જે શાહ કરીમ અલ હુસેની છે અને એટલા માટે જ ફરમાવવામાં આવ્યું કે ખુદાનું નુર વિરોધીઓ તરફથી (એને) બુઝાવવાની કોશીશો છતાં ય તે હરગીઝ નથી બુઝાતું કેમકે એ હક છે—બાતિલ નથી. તો મારા મૌલાની સચ્ચાઇની સાબિતી તરીકે આ એક રોશન દલીલ નથી તો બીજુ શું હોઇ શકે છે કે એ ખુદા તથા રસુલ તરફથી હિદાયતના મુળ ઝરણ છે અને ઇસ્લામમાં એવા સરચશ્માનું અસ્તિત્વ જ હક છે; જેવું કે આં હઝરત સલ્લમના જમાનામાં તેમજ તેમના પછી હિદાયતનું એ જ કેન્દ્રસ્થાન રહ્યું છે.

## ઝકાત

**સવાલ નં. ૫ :** તમારી ઝકાત શરઇ ઝકાતથી કેમ જુદા પ્રકારની છે? અને તે સીધે સીધી ગરીબો કીાથ વચ્ચે કેમસ્મ

વહેંચી દેવામાં નથી આવતી ? કેમ એકઠી કરીને ઇમામ દેવામાં આવે છે ?

જવાબ (અ) : અમે શરૂઆતમાં સવાલ નં. ૧ના જવાબ આપતાં [illegible] આપી દીધી છે કે શરીઅત, તરીકત, હકીકત અને મારિફત વચ્ચે ફરક છે પરંતુ એ બધાનો ઉચ્ચ ઉદ્દેશ એક જ : તેથી કોઇ સમજદાર ઇન્સાન અગર જરા વિચારપુર્વક જુએ તો તેને સાફ જણાઇ આવશે કે ઝકાતનું જે તત્વ અને અંતિમ હેતુની પરિપુર્ણતા ઇસ્લામમાં હોવી જોઇએ, એ ઇસ્માઇલીયતમાં સર્વાંગી રીતે થતી રહે છે.

જવાબ (બ) : અમે જણાવ્યું કે અમારે ત્યાં ઝકાતની પધ્ધતિ ઇસ્લામી રૂહ અનુસાર બરાબર તેના ઉચ્ચ હેતુ મુજબ જ છે અને અહિં ઝકાતથી જેટલો ફાયદો ગરીબો તથા મિસ્કીનોને અપાતો રહે છે એટલો બીજે ક્યાંય નથી. અને ઇમામ (અ.સ.) એક રીતે જુઓ તો ઝકાત લ્યે છે તો બીજી રીતે નથી લેતા. ઇસ્માઇલીઓના ઝકાત તંત્રની સૌથી મોટી ખુબી એ છે કે તે જમાનાના બદલતા રહેતાં સ્થિતિ સંજોગો મુજબ ચાલે છે : અર્થાત જે જમાનામાં અને જે દેશમાં જેવી જરૂર હોય છે એ પ્રમાણે તે તંત્ર પણ તેનું અનુસરણ કરે છે અને મોહતાજોને ઝકાતથી વધારે ફાયદો આપવાનો એ અર્થ છે કે તેઓને એકાદ ટંકનું ભોજન ખવડાવી દેવા અથવા એકાદ જોડી વસ્ત્રો દઇ દેવા અથવા થોડાક પૈસા અથવા કોઇ ચીજ વસ્તુ તેઓમાં વહેંચી દેવાને બદલે એવી કોશીશ કરવામાં આવે છે કે અજ્ઞાનતા, નિરક્ષરતા તથા ગરીબીની લાનતને ધરમુળથી જ ખતમ કરીને જમાતના પછાત રહી ગયેલા સભ્યોને સદાને માટે વિદ્યાજ્ઞાન તથા હુન્નરની દોલતથી ન્યાલ કરી દેવામાં આવે અને એ હેતુની પ્રાપ્તિને માટે આરોગ્ય તથા શિક્ષણ અને સમૃધ્ધિની વિવિધ

સંસ્થાઓની સ્થાપના જરૂરી હોય છે. તેથી ઇમામ ઝમાનની છત્ર છાયા તથા આદેશ અનુસાર ઝકાત એકત્ર કરવામાં આવે છે અને બસ એ જ અર્થમાં અમે કહ્યું હતું કે ઇમામ એક રીતે ઝકાત લ્યે છે અને બીજી રીતે જુઓ તો નથી લેતા. અર્થાત જમાત પાસેથી ઇમામ (અ.)ની ઝકાત વસુલી માત્ર એટલા પુરતી જ છે કે તેઓ એની તંત્ર વ્યવસ્થાની સરપરસ્તી કરે છે, દુઆ દયે છે અને જમાતી સંસ્થાઓની સ્થાપના સંચાલન તથા વળતર વગેરેના ખર્ચની મંજુરી તથા હિદાયત આપે છે.

જવાબ (ક) : મઝહબી શિસ્ત, એકતા તથા સંગઠનનું તત્વજ્ઞાન એ જ છે કે ઝકાતની શકિતને વેર વિખેર થવા દેવામાં ન આવે: તે એક જ જગ્યાએ ભેગી થાય અને તેનો ઉપયોગ સાચા હાદીની હિદાયત પ્રમાણે થાય; તો ઇસ્માઇલી મઝહબમાં એ જ થાય છે.

જુના જમાનામાં જે સવાબી કામોને પ્રોત્સાહન આપવામાં આવતું હતું તે એ જમાના પ્રમાણે જરૂરી હતું : દા. ત. ગુલામો તથા કનીઝોને ખરીદીને આઝાદ કરી દેવાં, યતીમો, ગરીબો તથા મોહતાજોને ખાવાનું ખવડાવવું યા વસ્ત્રો દેવાં વગેરે. હવે વધુથી વધુ સવાબ એમાં છે કે દરેક જાતના કમજોર અને લાચાર ઇન્સાનોને વિદ્યાજ્ઞાન તથા હુન્નરની આખુટ દોલતથી ન્યાલ કરી દેવામાં આવે. દીની તથા દુન્યવી કલ્યાણ તથા તરકકી માટેની સંસ્થાઓ ઊભી કરવામાં આવે કે જેથી દેશ તથા કોમની તરકકી તથા સમૃધ્ધિમાં વધારો થાય અને ઇસ્લામની વિશ્વ વ્યાપી પ્રવૃતિમાં પ્રાણ પુરાય અને પ્રોત્સાહન મળે. ઇમામે આલી મકામ (અ.સ.) ઇસ્લામની એ જ ભાવના અનુસાર ઝકાતનો ઉપયોગ કરતા રહે છે.

## રીત રિવાજો

**સવાલ નં. ૬ :** તમારા મઝહબી રીત રિવાજો કેટલી હદે યોગ્ય અને વાજબી છે? ખાસ કરીને નાંદીના બારામાં જણાવશો.

**જવાબ (અ) :** અમારા મઝહબી રીત રિવાજોની સાબિતી તરીકે ઘણું બધું કહી શકાય છે; તો પણ અહિં માત્ર અમુક મુદ્દાઓમાં તેનો સાર સમાવી દેવાની કોશીશ કરવામાં આવી છે. આ બાબતમાં સૌ પ્રથમ તો એ જાણવું જરૂરી છે કે દીન અને દુનિયાની ઘણી ખરી અસલી અને કિમતી ચીજો એવી છે જેનું અસ્તિત્વ અને આયુષ્ય કોઇ બીજી બહુ સાધારણ મામુલી વસ્તુઓમાં હોય છે. દા. ત. ઝાડના મુળ, તથા ડાળીઓનું સંરક્ષણ છાલને પ્રતાપે થાય છે એવી જ રીતે ફુલ, ફળ અને વિવિધ જાતનાં અનાજને પણ કોઇ ને કોઇ ગિલાફ (કવર) અથવા કણસલાં કે છાલ હોય છે તે એટલા માટે કે તેમાં જે અસલી ચીજ છે તે સુરક્ષિત રહી શકે. અગર કોઇ અજાણ્યો માણસ થડની છાલને નકામાં સમજીને ફેંકી દયે તો, ચોકખી વાત છે કે એ ઝાડ બહુ જલ્દીથી સુકાઇ જશે એ જ પ્રમાણે મઝહબી રીત રિવાજો એક અજાણ્યા અજ્ઞાન માનવીની નજરમાં સાધારણ અને મામુલી બાબત જણાય છે પરંતુ જાણનાર જ જાણે છે કે એ રીત રિવાજો રૂપી છાલ કે ખોળની અંદર અકીદત તથા ઇમાનનું વૃક્ષ કેવી શાનથી સુરક્ષિત છે. અને જ્યાં સુધી ફળ, ઝાડ ઉપર છે તો તેની પકવતા અને રક્ષણને માટે પણ છાલ કેટલું મહત્ત્વ ધરાવે છે ! એ દ્રષ્ટાંતો ઉપરથી સમજી શકાય છે કે અગર મઝહબી રીત રસમો ન હોય તો અકીદો ખતમ થઇ જાય છે.

**જવાબ (બ) :** અમારા મઝહબી રીત રિવાજો સર્વાંશે તદ્દન યોગ્ય અને સાચા તથા સત્યના પાયા પર છે. કેમકે એ બધા સંપુર્ણપણે ઇમામે

ઝમાન અલયહિસ્સલામના હુકમ અને ફરમાન અનુસાર છે; તે સંબંધે સાહેબે અમ્ર ( હુકમના માલિક ઇમામે ઝમાન )ની સનદ મૌજુદ છે. જ્યારે ઇમામે બરહક, ખુદા તથા તેના રસુલ ( સ. ) તરફથી દીનના મુખ્ત્યાર છે : કેમકે તેવણ ન માત્ર અલ્લાહ અને તેના રસુલ ( સ. )ના અજ્ઞાંકિત છે; બલ્કે સાથે સાથ ઉલુલ અમ્રની હેસિયતથી, તેવણ પોતે પણ હિદાયત કરવાવાળા છે; તેથી અમારા રીત રિવાજો સુયોગ્ય હોવાના બારામાં જરા પણ શંકા નથી.

જવાબ (ક) એ હકીકત છે કે કોઇ દેશ અથવા કોમની યોગ્ય અને વાજબી રીત રસ્મો તશરીઅ શરીઅતનું મુળ મંડાળ હોય છે : તેનો અર્થ એ કે જ્યારે શરીઅત બની હતી તો તેમાં કાયદાબંદ રીત રિવાજો દ્રષ્ટિ સમક્ષ રહેલા હતા. અને જ્યારે પણ શરીઅતના કોઇ ખુણામાં ફેરબદલી આવી તો એ રિવાજના અદલ બદલને કારણે થાય છે. જુઓ મૌલાના જાફર શાહ ફુલવારીની કિતાબ "ઇસ્લામ–દીને આસાન" અને "ઇજતિહાદી મસાઇલ."

જવાબ (ઇ) : નાંદી (મુનાદી)નો અર્થ છે કોઇ નેક કામમાં ભાગ લેવાનું એલાન નિમંત્રણ અને આ રસમી દીને ઇસ્લામના આદર્શ તસવુર "મુસાબિકત" ( આગળ વધવા માટેની સ્પર્ધા )ની બરાબર બંધ બેસતી છે. જેમ કે કુર્આનમાં છે કે; "૩-૧૧૪ "અને તેઓ નેક કામો માટે દોટ મુકે છે." મતલબ કે નેકીમાં પહેલ કરવાની કોશીશ કરતા રહે છે. વળી ઇરશાદ થાય છે કે; "ઓલા ઇકા યુસારિઊન ફીલ ખયરાતિ વ હુમ લહા સાબિકુન." (૨૩-૬૧) "આજ માણસો નેકીઓમાં ઉતાવળ કરે છે અને ભલાઇઓ તરફ ( બીજાઓથી ) તરાપ મારીને આગળ વધી જાય છે." અને એમ પણ ફરમાવવામાં આવ્યું છે કે "ફસ્તબિકુલ ખયરાત" ૫-૩૮ : "તો તમે નેકીઓમાં આગળ નીકળી જાઓ."

નેક કામોમાં સરસાઇ મેળવી લેવી, નિસ્વાર્થતા તથા કુરબાનીની ભાવના વ્યકત કરવી અને પોતાના સદવર્તન દ્વારા બીજાઓને નેકીનાં કામ માટે ઉત્તેજિત કરવા એ બધું કુર્આની શિક્ષણમાંથી છે : એ કારણે તેનાં અમુક દ્રષ્ટાંતો જમાતખાનાંમાં પેશ કરવામાં આવે છે કે જેથી દીનનું અમલી સ્વરૂપ હમેશાં જમાતની સામે જ રહે. જેમ કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વ સલ્લમ ઘણી વખત મસ્જિદમાં જાહેરાત કરતા હતા કે ફલાણા કામને માટે નાણાંકિય કુરબાનીની જરૂર છે. તેના જવાબમાં સહાબા કિબાર (રિઝવાનુલ્લાહો અલયહિમ) એકબીજાથી ચડાવો કરીને ભાગ લેતા હતા.

# સલાત

**સવાલ નં. ૭ :** ઇસ્માઇલી જમાતખાનામાં સલાત પર કેટલી હદે અમલ કરવામાં આવે છે ? અને તેઓ સલાતનો શું અર્થ લ્યે છે ?

**જવાબ (અ) :** સલાતનો અર્થ છે નમાઝ, દુઆ, રહેમત અને દરૂદ. તો "સલાત" શબ્દ કુર્આનમાં જ્યાં જ્યાં દુઆ રહેમત તથા દરૂદના અર્થમાં આવ્યો છે તેમાં તો નિશંક કંઇ પ્રશ્નોત્તર નથી પરંતુ જે ઠેકાણે એ શબ્દ નમાઝને માટે આવ્યો છે ત્યાં એવી નમાઝ પણ છે કે જેમાં કોઇ રૂકુઅ અને સજદા નથી હોતા. દા.ત. જનાઝા નમાઝ અને પક્ષીઓની નમાઝ ( સુરહ ૯-૮૪ અને ૨૪/૪૧ ) તો જ્યાં સલાતનો અર્થ નમાઝ છે ત્યાં અમે ન માત્ર ભુતકાળમાં નમાઝ કાયમ કરી બલ્કે વર્તમાનમાં પણ એના અમલી નમુના સ્વરૂપે તત્બોધ તથા તાવીલી હિકમત અમારા મઝહબમાં મોજુદ છે અને જ્યાં સલાતનો અર્થ દુઆ કરવામાં આવ્યો છે તો અમે એ માટે હમેશા જમાતખાનામાં દુઆ પઢીએ છીએ, અથવા તો એમ કહેવું જોઇએ કે જેવી રીતે સલાતનો અર્થ

નમાઝ પણ છે અને દુઆ પણ છે તો એ જ રીતે તે ઇબાદત બંદગી જે અમે જમાતખાનામાં અદા કરીએ છીએ તે એક રીતે જુઓ તો દુઆ છે તો બીજી રીતે જુઓ તો નમાઝ છે : કેમકે તેમાં નમાઝનો પ્રાણ અને તેની આપેક્ષાએ સર્વાંશે મૌજુદ છે. આ સંબંધે વધુ જાણવું હોય તો જુઓ "ગુલિસ્તાને હદીસ" કર્તા મૌલાના મોહમ્મદ જાફર શાહ ફુલવારી.

**જવાબ (બ)** : નમાઝનો રૂહ અને હેતુ કયાં સુધી કાયમ રહી શકે છે એ માટે સુરહ બકરહની આયત નં. ૨૩૯ માં જરા મનનથી જોવામાં આવે જેનો અર્થ એ છે.

"પછી અગર તમોને અંદેશો હોય તો ઊભા ઊભા (અર્થાત ચાલતા ચાલતા) અથવા વાહન પર બેઠાં બેઠાં (નમાઝ) પઢી લેતા રહો."

હવે આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે નમાઝની અસલિયત, હકીકત તથા હેતુ પોતાની જગ્યાએ કાયમ છે—નમાઝના લગભગ બધા જ જરૂરી ધારા ધોરણ એક કોર રહી ગયા પછી પણ પોતાની જગ્યાએ કાયમ છે. કેમકે પગપાળા ચાલતા અથવા વાહન પર બેઠેલી હાલતમાં નમાઝ પઢાય તો ન તો કિબ્લાની શરત પુરી થઇ શકે છે કે ન તો રૂકુ તથા સજદા વગેરેની. વળી હા, અલબત્ત એ જરૂર નમાઝે ખૌફ કહેવાય—જે કહી શકાય છે કે એ તો મજબુરીની હાલત છે, પરંતુ હકીકતમાં એ કંઇ બળજબરી નથી બલ્કે દીનમાં સરળતાનું એક સ્વરૂપ છે અને તે આ હકીકતનો પુરાવો પણ છે કે નમાઝ ઘણી જાતની હોય છે અને બધા જ પ્રકારોમાં જે અસલ હિસ્સો છે તે દુઆ તથા ઝિક્રે ઇલાહી છે, જેમાં ઇબાદતની રૂહ તથા હેતુ પ્રાપ્તિનું જે તત્વ છુપાયેલું છે, તેના કારણે જ

નમાઝે ખૌફમાં જાહેરી ક્રિયાનાં બધાં જ બંધનો ઉઠાવી લેવાયા પછી પણ અને તેના વગર પણ નમાઝની રૂહ તથા મકસદ] જળવાઇ રહે છે. હવે એવી નમાઝનું સ્વરૂપ લગભગ દુઆ [તસ્બીહ] અને ઝિક્રે ઇલાહીના જેવું હોય છે. એટલે જ અમે કહ્યું હતું કે જમાત ખાનાની ઇબાદત માત્ર દુઆ જ નથી બલ્કે એક પ્રકારની નમાઝ પણ છે.

આ હકીકત પણ હમેશા લક્ષમાં રાખવી જોઇએ કે અલ્લાહતઆલા મુસલમાનોના હકમાં સરળતા અને સગવડ ચાહે છે, કઠણાઇ તથા વિપદા નથી ચાહતો. જેવો કે પાક પરવરદિગારનો ઇરશાદ છે :

"યુરીદુલ્લાહુ બ કુમુલ યુસર વલા યુરીદુ બિકુમુલ ઉસર (૨-૧૮૫)

પરંતુ આમાં એક સવાલ એ પેદા થાય છે કે અગર હક તઆલા આપણે માટે સરળતા અને સગવડો કરી આપવા ચાહે છે અને દીની આદેશોમાં કોઇ મુશ્કેલી ઊભી કરવા નથી ઇચ્છતો તો એની મહેચ્છા તથા કુદરતના પ્રગટીકરણમાં કઇ ચીજ આડી આવી શકે છે ? અને એવી મહાન રેહમતની પ્રાપ્તિને માટે બંદાઓએ શું કરવું જોઇએ ? માત્ર એટલું જ કે તેના પણ જવાબ ખુદ કુર્આનમાં જ મળી આવે છે અને તે આ ખુદાવંદી ફરમાનમાં છે.

વ મંયય તકલ્લાહ લહુ મિન અમ્રિહિ યુસરા

"અને જે ખુદાથી ડરે છે, તો ખુદા તેના કામમાં સરળતા પેદા કરી દેશે."

તમે એ ન ભુલશો કે આ ઈરશાદ નબુવ્વતના જમાનાનો છે અને તેમાં આ વધામણી છે કે જે લોકો દીની આદેશોનાં પરિપાલનમાં ખોફે ખુદા તથા તકવા (પરહેઝગારી)ને દ્રષ્ટિ સમક્ષ રાખે છે તેઓને માટે આગળ ઉપર, દીનમાં વધુ સરળતા અને સગવડો પુરી પાડવામાં આવશે. કેમકે ઇબાદતો તથા ક્રિયાઓમાં મામલાત જ્યાં કઠિનાઇ તથા કષ્ટ અનો કસોટીઓ છે તેનો હેતુ પણ તકવા (પરહેઝગારી) સિવાય બીજો કોઇ નથી અને તકવા જ સર્વ કંઇ છે.

આ ઉદ્દેશના સ્પષ્ટિકરણ અને ખુલાસાને માટે ફરમાવવામાં આવ્યું. કે ખુદા ટુંકમાં જ કષ્ટી પછી સરળતા પેદા કરી દેશે અર્થાત શરીઅતના બાતિનમાંથી તરીકત અને તરીકતના બાતિનમાંથી હકીકત પ્રગટ કરશે અને તન્ઝીલ (અવતૃણ) પછી તાવીલ (તત્ત્બોધ)ની હિકમતોથી પરિચિત કરશે. કેમકે સૌથી મોટી સરળતા એ જ છે અને તેની દલીલ, એ નાની નાની સરળતાઓ જ છે જેનો પ્રયોગ દરેક નેક મુસલમાન પોતાની રોજીંદી જીંદગીમાં કરી શકે છે. દા. ત. દરેક જાતની ઇબાદત અને રિયાઝત (દેહદમન)નું પરિપાલન અને નિયમિતતા અંગેની કઠીનાઇ પછી અલ્લાહતઆલાની મદદથી સરળતાનો અહેસાસ અનુભવ થવો; ધીમે ધીમે નેકી તથા પરહેઝગારી તરફ વધુ ને વધુ ધ્યાન રહેવું વગેરે.

જવાબ (ક) : મને ફલવારી સાહેબની ઘણી વાતો બહુ જ પસંદ છે. તેઓ પોતાની કિતાબ : "ગુલિસ્તાને હદીસ"ના પાના નંબર પાંચ ઉપર "ચંદ કલમાતે નમાઝ"ના શીર્ષક હેઠળ લખે છે કે :

Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

"આપણે સામાન્ય રીતે એમ સમજીએ છીએ કે નમાઝ એક રૂઢિગ્રસ્ત – બંધિયાર કે અમુક શબ્દોથી મર્યાદિત એવી વસ્તુ છે; જેનાં વાકિયો તથા હલનચલન અમુક નક્કી કરી રખાયેલાં છે. અલબત એમાં કોઇ શંકા નથી કે નમાઝનો સર્વોત્તમ તરીકો એ જ છે કે જે હુઝુર સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વસલ્લમે બતાવેલ છે; પરંતુ એમ કહેવું યોગ્ય ( સાચું ) નથી કે બીજા તરીકાઓ ગલત છે. આદમ ( અ. ) થી લઇને મસીહ ( અ. ) બલ્કે હુઝુર ( સ.અ.વ. ) સુધીના જેટલા પણ પયગમ્બરો નમાઝ અદા કરતા હતા, એના તરીકા ભલે વિવિધ જાતના હોય પરંતુ રૂહ એ બધી યે ( નમાઝો ) ની એક જ હતી અને સાચી રીતે જુઓ તો ધ્યેય અને હેતુ રૂહ જ છે કોઇ બાહ્ય સ્વરૂપ નહિ એ નમાઝ જ્યારે બા–જમાઅત અદા કરવામાં આવે તો શિસ્ત અને ધોરાધોરણનું પરિપાલનની માંગ એવી છે કે બધાની નમાઝ એક સરખી હોય; પરંતુ વ્યક્તિગત નમાઝમાં અગર ઉમળકા અને ઉત્સાહની માત્રા સર્વ સામાન્ય અદાયગીના પધ્ધતિ પર સરસાઇ મેળવી લ્યે તો એ કંઇ નુકસાનનું કારણ નથી બનતી. કેટલીક વખત તો જમાઅતની અંદર પણ નજીવો કાર્યભેદ વાંધાજનક નથી ગણાતો."

* આ સ્પષ્ટ વકતવ્ય પછી કોઇ વધુ ટીકાટિપ્પણની જરૂર નથી રહેતી.

## પુરૂષો અને સ્ત્રીઓની
## એક જ સ્થળે ઇબાદત

**સવાલ નં. ૯** : પુછવામાં આવે છે કે જમાતખાનામાં પુરૂષો અને સ્ત્રીઓ એક સાથે કેમ ઇબાદત કરે છે ?

જવાબ (અ.) : તમે એ કુર્આની આયાત બતાવો અથવા વાંચી સંભળાવો જેમાં ફરમાવવામાં આવ્યું હોય કે એમ કરવું હરામ છે અને પ્રતિબંધિત છે અથવા મકરૂહ છે. અથવા એવું સાબિત કરો કે રસુલુલ્લાહ સલ્લમના બરકતવંતા યુગમાં મુસલમાન સ્ત્રીઓ મસ્જિદમાં નહોતી જતી.

જવાબ (બ) : ઇસ્લામના ધારાધોરણ તથા અરકાન માત્ર પુરૂષો માટે જ નથી; મહિલાઓને માટે પણ છે. જે લોકો સ્ત્રીઓને ઇબાદતના સ્થળથી દુર રાખવા માગે છે, કે તેમની હાજરીથી ઇન્સાનના મનોવિકારનું પરિબળ વધી જાય છે; તો એઓએ સંસાર ત્યાગી બનીને કોઇ જંગલમાં ચાલ્યા જવું જોઇએ કેમકે ઇબાદતમાં ખલેલ ફકત સ્ત્રીને કારણે જ નથી પડતી બલ્કે એ માટે ઘણી વસ્તુઓ કારણરૂપ હોય છે જેનો સર્વાંગી ઉપાય મનોનિગ્રહ સંયમ અને પરહેઝગારી છે. અર્થાત નફસે અમ્મારાની સામે જિહાદ કરીને પરહેઝગારી રાખવી, પણ માત્ર એક જ વસ્તુ અથવા થોડીક વસ્તુઓને આ દુનિયામાંથી હાંકી કાઢવાનો નથી.

# ઇસ્લામના દરજ્જાઓ

## લેખક અલ્લામા નસીરૂદ્દીન "નસીર" હુન્ઝાઇ

દીને ઇસ્લામ સિરાતે મુસ્તકીમ ( અર્થાત સીધો રસ્તો ) છે અને ચોકખી વાત છે કે દરેક લાંબા રસ્તાની કેટલીક મંઝિલો (વિશ્રાંતિ સ્થળો અથવા સ્ટેશનો) પણ હોય છે જેનાં નામ આ પ્રમાણે છે શરીઅત, તરીકત, અને મારિફત. આપણે આ ચાર મન્ઝિલોને ચાર

દરજ્જા પણ કહી શકીએ છીએ. પણ અહિં એ સિધ્ધાંત હમેશા યાદ રાખવો જરૂરી છે કે તેમાંથી દરેક દરજ્જામાં બીજા ત્રણ દરજ્જાનાં તત્વો પણ થોડાં ઝાઝાં સમાયેલાં છે. દા. ત. જે મંઝિલમાં હકીકત છે તેમાં નિર્ભેળ હકીકત નથી હોય શકતી; તેથી એક અંદાજા અનુસાર હકીકતમાં ૨૦ ટકા શરીઅત, ૨૫ ટકા તરીકત અને ૩૦ ટકા હકીકત અને ૨૫ ટકા મારિફતનાં તત્વો (અંશો) હોય છે. એ જ મિસાલ બાકીના ત્રણ દરજ્જાઓની પણ છે. આ બાબતને નીચે મુજબના કોષ્ટકમાં સ્પષ્ટ કરવામાં આવી છે.

# તરીકાઓનું

## ચાર તત્વોનું કોષ્ટક

| ક્રમાંક | મંઝિલો | શરીઅત % | તરીકત % | હકીકત % | મારિફત % | સરવાળો % |
|---|---|---|---|---|---|---|
| ૧ | શરીઅત | ૪૦ | ૨૫ | ૨૦ | ૧૫ | ૧૦૦ |
| ૨ | તરીકત | ૨૫ | ૩૦ | ૨૫ | ૨૦ | ૧૦૦ |
| ૩ | હકીકત | ૨૦ | ૨૫ | ૩૦ | ૨૫ | ૧૦૦ |
| ૪ | મારિફત | ૧૫ | ૨૦ | ૨૫ | ૪૦ | ૧૦૦ |